647510 **0701259E4081** **Seat No: ___________**

**B.R.S. Semester - 2 (CBCS) Examination**
**March/April- 2018**
**GUJARATI**
**(ELECTIVE-8)**

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેનો ગદ્યખંડ વાંચો અને આપેલા પ્રશ્નોનાં ઉત્તર લખો. (૧૫)

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે એટલું જ નહીં ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહિ, મેળવવાની વસ્તુ લે નહિ તેઓની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં આચરણમાં પુરાઇ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા પણ જવાને તેઓ પુણ્ય માને છે, પામવાને નહીં. તેઓ અમુક બાહ્ય અથવા અમુક માટીમાં કોઇ વિશેષ ગુણ રહેલો છે એમ માને છે. આથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં ઢાંકી તેનો નાશ કરે છે. આખા દેશમાં સાધનામાર્જિત ચિત્તશક્તિમાં જેમ જેમ મલિન થતી ગઇ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ એ વાત કબૂલ કરવી જ પડશે. **-રવીન્દ્રનાથ ટાગોર.**

**પ્રશ્નોઃ-** (૧) વિદ્યા મેળવવાનો આધાર કોના પર હોય છે?

(૨) તીર્થમાં જનાર બધા કેમ યોગ્ય ફળ મેળવી શકતા નથી.?

(૩) સાચા અર્થમાં વિદ્યા પ્રાપ્ત ન કરનારા માટે લેખક શું કહે છે?

(૪) આખા દેશમાં સાધનામાર્જિત ચિત્તશક્તિ કેવી થતી ગઇ? તેનું પરિણામ શું આવ્યું?

(૫) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્રશ્ન-૨ સંક્ષેપીકરણ એટલે શું? સંક્ષેપીકરણમાં ધ્યાનમાં રાખવાની બાબતો જણાવી નીચેનાં કોઇ એક પેરેગ્રાફનું સંક્ષેપીકરણ કરો. (૧૫)

(૧) વ્યક્તિ માટે શું કે સમાજને માટે શું? જીવનનાં ત્રણ પ્રકાર છે. બીજાને મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે જ. આને જ જીવનક્રમ કહે છે. આ પ્રકારથી જીવન ટકે છે. અથવા બહુ બહુ તો વિસ્તાર પામે છે એટલો જ એમાં લાભ છે. પણ એમાં જીવન સાફલ્ય નથી. બીજો પ્રકાર તે પરસ્પર સહકારનો છે. દરેક જાતિ, રાષ્ટ્ર કે ધર્મ પોતાની વિશેષતાને કારણે જ એકાંગી હોય છે. એકબીજાને સહકારથી એકાંગીપણું મટી જાય છે. અને તેથી જીવનનો વિકાસ થાય છે. આમાં જીવનનો ઉત્કર્ષ છે, પણ એમાં જીવનની સર્વોચ્ચ સાર્થકતા નથી દેખાતી. જીવન પણ અંતે આત્મસાક્ષાત્કારનું સાધન જ છે. એ સાર્થક્ય ધ્યાનમાં આવ્યા પછી સ્વાર્પણ માટે જીવવું એ મનુષ્ય હૃદયને સ્ફુરે છે. આ સ્વાર્પણ દ્વારા જે જીવન લાધે છે તે કંઇ જુદું જ છે. એ મારફતે જ જીવનનો પરમ ઉદ્દેશ સમજાય છે અને સફળ થાય છે.

**- કાકાસાહેબ કાલેલકર.**

(૨) લોકતંત્રનાં અનેક આધારો છે. એ બધામાં જો કોઇ એક મુખ્ય અને મહત્વનો આધાર હોય તો તે પ્રત્યેક વ્યક્તિએ વિશાળ લોકસમુદાયનાં હિતમાં પોતાનાં અંગત સ્વાર્થ અને લાભ મેળવવાની દ્રષ્ટિને જતી કરવી તે છે. જો આપણે આપણા સમગ્ર ઇતિહાસનાં વિશાળ ફલકનું ઊડતી નજરે અવલોકન કરીશું તોયે એ જણાયા વિના નહિ રહે કે આપણા દેશમાં સારાં વિચાર કર્યા વિના બીજાનાં હિતોનાં ભોગે સ્વાર્થ સાધવાની વૃત્તિએ હંમેશાં સર્વનાશ નોતર્યો છે. નાનામોટા અમલદારો પોતાની જવાબદારી પ્રત્યે બેપરવા છે. જ્યાં જુઓ ત્યાં ઓછું કામ કરવાની ભાવના છે. કેળવણી પામેલાં લોકોમાં પણ બીજાનું હિત વિચારવાની વૃત્તિ ક્યાં દેખાય છે? આ બધું આખરે આપણને ક્યાં દોરી જશે? આપણે ત્યાં લોકોનું રાજ્ય સ્થપાયું છે. પણ એને માટેનો મજબૂત પાયો નંખાયો નથી, એ એક વિવાદથી પર એવું સત્ય છે.

- **પંડિત સુખલાલજી.**

પ્રશ્ન-3 નીચેનામાંથી ત્રણ પ્રશ્નોનાં ઉત્તર લખો. (૧૫)

(૧) અવતરણચિહ્ન, અલ્પવિરામ, ગુરુવિરામની ઉદાહરણ સાથે સમજૂતી આપો.

(૨) આશ્ચર્યવિરામ, પ્રશ્નવિરામ, અર્ધવિરામની ઉદાહરણ સાથે સમજૂતી આપો.

(૩) પૂર્ણવિરામ, લોપકચિહ્ન, અવતરણચિહ્નની ઉદાહરણ સાથે સમજૂતી આપો.

(૪) ગુજરાતી ભાષામાં વપરાતાં વિરામચિહ્નનો ઉપયોગ જણાવો.

(૫) અર્ધવિરામ, ગુરુવિરામ, પૂર્ણવિરામની ઉદાહરણ સાથે સમજૂતી આપો.

પ્રશ્ન-૪ રૂઢિપ્રયોગ એટલે શું? રૂઢિપ્રયોગથી કથનમાં આવતી સચોટતા સમજાવી નીચેનાં રૂઢિપ્રયોગોનો અર્થ જણાવી, વાક્યમાં પ્રયોગ કરો. (૧૫)

(૧) આંખ આડા કાન કરવા (૨) ઘી-કેળા થવા (૩) હવનમાં હાડકાં નાખવાં

(૪) રામ રમી જવા (૫) મીઠું-મરચું ભભરાવવું.

અથવા

પ્રશ્ન-૪ કહેવતનો અર્થ અને પ્રકારો જણાવી, નીચેની કહેવતનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

(૧) હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા

(૨) મોરનાં ઇંડા ચીતરવા ન પડે.

(૩) બોલે તેનાં બોર વેચાય.

(૪) નઠોર નિશાળિયાનાં વતરણાં ઘણાં.

(૫) દીકરી તો સાપનો ભારો.

પ્રશ્ન-૫ સમાસનો અર્થ જણાવી, કર્મધારય સમાસ અને બહુવ્રિહી સમાસની ઉદાહરણ સાથે સમજૂતી આપો. (૧૦)

અથવા

પ્રશ્ન-૫ સમાસનાં પ્રકારો જણાવી દ્વન્દ્વ સમાસ અને તત્પુરુષ સમાસની ઉદાહરણ સાથે સમજૂતી આપો.

*********************